










# શ્રીજી ને સ્વામીના કાર્યના વાહક બનીએ !

**સર્વ** અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વાંતર્યામી, સર્વ નિયંતા, સર્વોપરી, પરાત્પર પરબ્રહ્મ તત્ત્વ મનુષ્યદેહધારી ઘનશ્યામ, નીલકંઠવર્ણી, સહજાનંદ સ્વામી, શ્રીજી મહારાજ એવાં અનેક નામ સ્વીકારી આ પૃથ્વી પર પ્રગટ થયા તે સર્વાધિક મહામાંગલ્યકારક મહાપર્વ એટલે ચૈત્ર સુદી નોમ - શ્રી હરિજયંતી !

આ લોક અને તેના પર વસતા તત્કાલીન માનવ સહિત સમસ્ત જીવ ને અસ્તિત્વનાં કેવાં મહાભાગ્ય કે, તેઓના જીવનકાળ દરમિયાન સ્વયં પરબ્રહ્મ તત્ત્વ અપરંપાર અને કલ્પનાતીત કૃપા કરી આ પૃથ્વી પર મનુષ્યાકૃતિમાં પ્રગટ થયા, વિચરણ કર્યાં, દર્શન-સેવા-સંબંધનાં અલૌકિક સુખ આપ્યાં !

આવી અપરંપાર કૃપાથી પણ વિશેષ અનુગ્રહ તો એ થયો ને રહ્યો જ્યારે એ પરબ્રહ્મ તત્ત્વે પોતાની ભેળા સ્વયં અક્ષરબ્રહ્મ તત્ત્વને પણ આ પૃથ્વી પર માનવદેહે પ્રગટ કર્યા અને આ અદ્વય તત્ત્વો ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત મનુષ્યદેહમાં આજપર્યંત સાકાર ને પ્રગટ રહ્યાં છે, ને શાશ્વત કાળ પર્યંત રહેશે.

અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ અદ્વય દિવ્ય તત્ત્વો આ પૃથ્વી પર પ્રગટ થયાં, સર્વ જીવને પોતાનો દિવ્ય સંબંધ આપ્યો ને દિવ્ય સુખના અનુભવ તો કરાવ્યા જ; પરંતુ, અતિ ઘણી કરુણા તો એ કરી કે, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રતિપાદન દ્વારા મનુષ્યમાત્ર માટે ગુણાતીત અસ્તિત્વ અવસ્થા પ્રાપ્ત કરવાના સાધનામાર્ગ સુલભ બનાવ્યા !

અનંત યુગોની કઠોર સાધના, સાધન ને તપસ્યા દ્વારા પણ જે કારણ શરીરની મુક્તિ અસંભવ છે, દેહભાવ નિર્મૂલન અશક્ય છે, સ્વભાવ-પ્રકૃતિનાં પરિવર્તન અતિશય દુર્લભ છે તે સર્વ શ્રી અક્ષરપુરુષોત્તમ






ઉપાસનાનાં યથાર્થ જીવન-આચરણ અને અક્ષર-પુરુષોત્તમ અદ્વય ધારક ગુણાતીત સાધુના યોગ અને પ્રીતિએ યુક્ત પ્રસંગથી સહજ સુલભ બનાવ્યાં !

આ સહજ સુલભ સાધના પંથે બ્રહ્મસ્વરૂપ સર્વશ્રી... ભગતજી મહારાજ, જાગા સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સર્વ ગુણાતીત સંતો સહિત વર્તમાનમાં ગુરુહરિ હરિપ્રસાદ સ્વામીજી, ગુરુજી-મુકુંદજીવન સ્વામીજી અને સંતભગવંત સાહેબજી રૂપે પ્રગટ ને સાકાર શ્રી અક્ષરપુરુષોત્તમનાં દિવ્ય સ્વરૂપોની નિશ્રામાં અનેક જન્મોથી સાધનાયાત્રા કરતાં ચૈતન્યો દિવ્ય રૂપ ને સ્વરૂપ પ્રાપ્ત કરી રહ્યાં છે.



આપણે સૌ માનવદેહધારી સત્સંગીઓ તથા પૃથ્વીનાં સર્વ જીવ-પ્રાણીમાત્ર મહાભાગ્યવાન છીએ કે, આપણને પ્રભુના દિવ્ય પ્રગટ ને સાકાર સ્વરૂપ સાહેબજીના સંબંધ તેઓની કૃપાએ કરીને સહજ થયા છે !

સંબંધથી સાક્ષાત્કાર સુધીની આપણી યાત્રા અવિરત છે. એ યાત્રાના સરળ અને સુખદાયી રૂપે અનુભવ કરવા આપણને સૌને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પાંચ સિદ્ધાંતોનું સચોટ માર્ગદર્શન પણ પ્રાપ્ત છે. સદ્‌ગુરુઓ પરમ પૂજ્ય અશ્વિનદાદા અને પરમ પૂજ્ય શાંતિદાદા જેવા ભગવાનધારક, સાધુઓની હૂંફ છે અને સ્વયં પ્રભુસ્વરૂપ સંતભગવંત સાહેબજી આપણા જીવનમાં પ્રગટ-પ્રમાણ છે! આવો દિવ્ય અવસર આવ્યો 'તો કે આવશે !

માટે, સુરુચિ કેળવીએ, જાગ્રત બનીએ. સંબંધવાળા પ્રત્યેક ચૈતન્યને બ્રહ્મની મૂર્તિ માની તેઓની યથાશક્તિ માહાત્મ્યેયુક્ત સેવા કરીએ. સંતો ને સાહેબજીના યથાર્થ મહિમા ને સ્વરૂપને સમજવા પ્રાર્થના કરતા રહીએ. શ્રીજી ને સ્વામીના કાર્યના વાહક બનીએ ! ◆

~ સાધુ મનોજદાસ